**:આંક: ૧ તળે હુકમ:**

(૧) રેકર્ડ ધ્યાને લીધુ. આ કામનુ રેકર્ડ જોતાં, સદર કામ છેલ્લી ઘણી મુદતોથી વાદીની ઉલટ તપાસ માટે ચાલતુ આવેલ છે. પરંતુ વાદી તરફે કોઈ હાજર રહેતુ નથી. પક્ષકારો કે તેઓના વિ.વ.શ્રીઓ હાજર ન રહેતા ન્યાયના હિતમાં વાદીની ઉલટ તપાસ માટે મુદતો પણ પડેલ છે. આમ વાદીને તારીખોમાં હાજર રહેવાની પુરતી તકો મળેલ છે તેમ છતા હાજર રહેતા નથી.

(૨) આ સંજોગોમાં સી.પી.સી.ઓર્ડર ૧૭ રૂલ (૩)(બી) લાગુ પડે જે નીચે મુજબ છે.

**Order 17 Rule 3:** Court may proceed not withstanding either party fails to pruduce evidence,etc.- Where any party to a suit to whome time has been granted fails to produce his evidence, or to cause the attendance of his witness, or to performe anyother act necessory to the further progress of the suit, for which time has been allowed, the court may,notwithstanding such default,-

(a) if the parties are present, proceed to decide the suit forthwith, or

(b) if the parties are, or any of them is,absent ,proceed under rule 2.

આજરોજ સાંજ સુધી અવાર નવાર પોકાર કરાવતાં, પક્ષકારો

કે તેઓના વિ.વ.શ્રીઓ હાજર નથી. જેથી ઓર્ડર ૧૭ રૂલ–૩ (બી) અન્વયે રૂલ–ર પ્રમાણેની કાર્યવાહી કરવાની થાય. ઓર્ડર ૧૭ રૂલ ર નીચે મુજબ છે.

**Order 17 Rule 2:** Procedure if parties fail to appear on day fixed.- Where, on any day to which the hearing of the suit is adjourned, the parties or any of them fail to appear, the Court may proceed to dispose of suit in one of the modes directed in that behalf by order 9 or make such other order as it thinks fit.

**Explanation:** where the evidence or substancial portion of the evidence of any party has already been recorded and such party fails to appear on any day to which the hearing of the suit is adjourned, the Court may, in its discrstion, proceed with the case as if such party were present.

રૂલ–ર ના સ્પષ્ટીકરણ પ્રમાણે જો પુરાવો આથવા મહદંશે પુરાવો થઈ ગયેલ હોયતો કોર્ટ પક્ષકારોની ગેરહાજરીમાં પણ કામ આગળ ચલાવી શકે છે. પરંતુ હાલના કિસ્સામાં બિલકુલ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. કારણકે વાદીજ તેઓની સરતપાસના એફીડેવીટના સંદર્ભમાં તેઓની ઉલટ તપાસ માટે હાજર રહેલ નથી. અને ઉલટ તપાસ થઈ ન હોય તેવો પુરાવો ધ્યાને લઈ શકાય નહી આવા સંજોગોમાં વાદીની સરતપાસ પુરાવો ગણી શકાય નહી. તેથી રૂલ–ર પ્રમાણે સી.પી.સી ઓર્ડર ૯ રૂલ–૩ પ્રમાણે દાવો ડીસમીસ કરી શકાય એવુ અત્ર

ેની અદાલતનુ નમ્ર પણે માનવુ છે. ઓર્ડર ૯ રૂલ–૩ની જોગવાઈ નીચે પ્ર માણે છે.

**Order 9 Rule 3:** Where neither party appears, suit be dismissed.- Where neither party appears when the suit is called on for hearing, the Court may make an order that the suit be dismissed.

(૩) આજરોજ અવાર નવાર પોકાર કરાવતાં પક્ષકારો કે તેઓના વિ.વ.શ્રીઓ હાજર નથી માટે વાદીનો દાવો ઉપરોકત સંજોગોમાં તેમજ કરવામં આવેલ ચર્ચા અન્વયે ડીસમીસ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૨મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૨/૦૯ /૨૦૧૯.

(આર.એલ.જાડેજા)
ત્રીજા એડી.સીની.સીવીલ જજ,
વલસાડ.